1. સૂર્યાઘાત એટલે શું?

- સૂર્ય દ્વારા પૃથ્વીની સપાટી અને વાતાવરણને મળતી ગરમી કે ઉષ્માશક્તિને સૂર્યઘાત કહે છે.

2. સ્થાનિક પવનોનાં નામ જણાવો.

- દરિયાઈ લહેર, જમીનની લહેર, લું, નોર્વેસ્ટર, હરમેટન વગેરે સ્થાનિક પવનોનાં નામ છે.

3. સૂર્યાઘાત માપવાનો એકમ કયો છે?

- કેલરી । મિનિટ/ ચો સેમી (w > m2) સૂર્યાઘાત માપવાનો એકમ

4. સૂર્યકલંકો કોને કહે છે ?

- સૂર્યની સપાટી પર જોવા મળતાં કાળાં ધાબાને સૂર્યકલંકો કહે છે.

5. 'લૅપ્સ રેટ' એટલે શું?

- પૃથ્વીના તાપમાનના ઊર્ધ્વ ઘટાડાના દરને લેપ્સ રેટ કહે છે.

6. સૂર્યાઘાતના વિતરણ પર અસર કરતાં પરિબળો કયાં કયાં છે?

- સૂર્યાઘાત ના વિતરણ પર અસર કરતાં પરિબળો આ પ્રમાણે છે : સૂર્યનાં કિરણોની કોણીય લંબાઈ, દિવસની લંબાઈ, વાતાવરણની ઘનતા અને ઊંચાઈ, જમીન અને પાણી, સૂર્યકલંકોનું પ્રમાણ વગેરે.

7. તાપમાન-વ્યુતક્રમણ એટલે શું?

- કેટલાક સંજોગોમાં વાતાવરણનું તાપમાન ઊંચે જતાં ઘટવાને બદલે વધે તો તે પ્રક્રિયાને તાપમાન-વ્યુતક્રમણ કહે છે.

8. સૂર્ય વિકિરણો એટલે શું?

- સૂર્યનાં કિરણોમાંથી પૃથ્વીને ઉષ્માશક્તિ (ગરમી) અને પ્રકાશ બંને પ્રાપ્ત થાય છે. આ કિરણોને સુર્ય વિકિરણો કહે છે .

9. પૃથ્વી સપાટીની ગરમી કઈ પ્રક્રિયાઓ દ્વારા વાતાવરણ માં પ્રસરે છે ?

- પૃથ્વીસપાટીની ગરમી ઉષ્ણતાગમન, ઉષ્ણતાવહન , ઉષ્ણતાનયનની પ્રક્રિયાઓ દ્વારા વાતાવરણમાં પ્રસરે છે.

10. તાપમાન ક્યા એકમમાં મપાય છે?

- તાપમાન સેલ્સિયસ કે ફેરનહીટ એકમમાં મપાય છે.